**કૃપાકરી પ્રસિધ્ધી માટે** **૨૭ એપ્રિલ ૨૦૦૯**

**રામ નાઈક ને વિજયનો આત્મ વિશ્વાસ ; પ્રચાર યાત્રા નો છેલ્લો તબકકો પૂરો**

**મુંબઈ, સોમવાર :** ઉત્તર મુંબઈ માં ઠેકઠેકાણે ફરી છેક મતદારો સૂધી જઈ પાછલો એક મહિનો ભાજપ - શિવસેના નાં ઉમેદવાર શ્રી રામ નાઈક પ્રચાર કરતાં હતાં. આ પ્રચાર યાત્રા નો છેલ્લો તબકકો આજે સવારે પૂરો થયો હોઈ શ્રી રામ નાઈકે વિજય નો આત્મવિશ્વાસ વ્યકત કરેલ છે.

" ૩૦ એપ્રિલ નો એક દિવસ તમે મને આપો , હું તમને આવતાં પાંચ વર્ષો આપીશ." આ મુજબનું આશ્વાસન આ પ્રચાર યાત્રા મારફત શ્રી રામ નાઈક આપી રહ્યાં હતાં. ૨૭ માર્ચ ના ગુડીપડવા નાં દિવસથી શ્રી રામ નાઈકે પોતાનાં ચૂંટણી પ્રચારનો શુભારંભ કર્યો હતો. આજે અખાત્રીજ ના દિવસે શ્રી રામ નાઈકે પોતાનો ચૂંટણી પ્રચાર પૂરો કર્યો હતો. ઉત્તર મુંબઈ માં કુલ ૩૮ મહાપાલિકા વૉર્ડ છે. પોતાનાં પરિવર્તન રથ પરથી આ સર્વ વૉર્ડો માં શ્રી રામ નાઈકે પ્રચાર યાત્રાઓ કરી. તેજ વેળાં ઉત્તર મુંબઈમાં અન્યત્ર ધારાસભ્ય શ્રી ગોપાળ શેટ્ટી, શિવસેના વિભાગપ્રમુખ શ્રી વિનોદ ઘોસાળકર, માજી રાજ્ય પ્રધાન શ્રી ભાઈ ગિરકર, શ્રી આ.યુ.સિંહ, શ્રી જયપ્રકાશ ઠાકૂર, શ્રી અતુલ ભાતખળકર જેવાં વરીષ્ઠ ભાજપ નેતા તેમજ ભાજપ - શિવસેના યુતીનાં અન્ય મહત્વપૂર્ણ પદાધિકારી અને નગરસેવકો અને અન્ય નેતાઓ રામ નાઈક રથ મારફત પ્રચાર યાત્રા દ્વારા મતદારો સાથે સંપર્ક સાધી રહ્યાં હતાં. આજે વૉર્ડ ક્ર. ૩૦ માં અલી તળાવ, મનપા કૉલોની, જુનું કલેકટર કંપાઉંડ, બુધ્ધ નગર, ન્યુ મહાકાલી નગર, ચારકોપ નાકા, વળણઈ વસાહત વગેર વિસ્તારોમાં થી શ્રી રામ નાઈકે આજે પ્રચાર કર્યો હતો. આ પ્રસંગે બોલતીવેળાં શ્રી રામ નાઈકે મતદારોને આવાહ્‌ન કર્યું હતું કે મેં કરેલ કામ તમારી સમક્ષ છે. લોકસેવા કરનારાંને તમે લોકસભામાં મોકલશો કે વ્યકતિગત સ્વાર્થ માટે પક્ષદ્રોહ કરનારાં શ્રી સંજય નિરૂપમ, શ્રી શિરીષ પારકરને મત આપશો તે તમેજ નકકી કરો. આ પ્રસંગે નાગરિકોએ 'જે લોકસેવામાં તેજ લકોસભામાં ' તેવો જયનાદ કરી શ્રી રામ નાઈકનાં વિજયની સાક્ષી પૂરી.

આખો મહિનો ચાલેલ ચૂંટણી પ્રચારમાં ચોતરપ શ્રી રામ નાઈકનેજ જનતા તરફથી જોરદાર પ્રતિસાદ મળ્યો છે.શ્રી ઉધ્ધવ ઠાકરે, શ્રી ગોપીનાથ મુંડે, શ્રી નીતીન ગડકરી, શ્રીમતી જયવંતી બહેન મહેતા, વગેરે સર્વ નેતાઓની સભાઓમાં પણ મતદારોએ અભૂતપૂર્વ ગર્દી કરી હતી. આ સર્વ બાબતોથી શ્રી રામ નાઈકનો ઉત્તર મુંબઈ લોકસભા મતદાર સંઘથી વિજય નિશ્ચિત માનવામાં આવે છે. પોતે શ્રી રામ નાઈકે મતદારોને "તમારો ટેકો મતપેટીઓ મારફત બતાવી આપો. પ્રચંડ મતદાન કરી ભાજપ - શિવસેના યુતીને વિજયી કરો", તેવી અપીલ કરી છે.

**(વિનોદ શેલાર )**
**પ્રસિધ્ધી પ્રમુખ**
**મો.નં. ૯૮૬૭૬૮૯૫૪૦**